વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું ‘સેવા’નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : માર્ચ ૨૨, ૨૦૧૯

# ‘સેવા’નો ઢંઢેરો

## દરેક રાષ્ટ્રીયપક્ષ જોગ

‘સેવા’એ તેની શરૂઆતથી દેશની દરેક ચૂંટણીટાણે ગરીબ શ્રમજીવી બહેનોની માંગ તથા જરૂરિયાતોને લક્ષમાં રાખી દરેક રાજકીય પક્ષને આવેદનપત્ર તથા ‘મેનીફેસ્ટો’ આપ્યા છે. તે પ્રયાસ નિષ્ફળ ગયા નથી. તે જ મુજબ આગામી ચૂંટણીનાં આવેદનપત્ર તથા મેનીફેસ્ટો/ઢંઢેરો દરેક રાજકીય પક્ષને રજૂ કરી રહયા છીએ.

ગયા અંકમાં છપાયેલું આવેદનપત્ર આપ સૌએ જોયું હશે. અહિં મૂક્યું છે ‘ઢંઢેરો’ જે દરેક રાજકીય પક્ષને આપી રહયા છીએ તે. અમે બીજુ વધારાનું કશું નથી માંગતા જે અંગ્રેજીમાં અક્ષરશઃ અહિં છાપ્યા છે. માત્ર બંધારણીય હક્કો માંગ્યા છે.

## Manifesto From SEWA to Every Political Party

- **In accordance withArticle 39 of the Constitution of India, we will provide avenues to workers to obtain an adequate source of livelihood within their local communities**.

  The lack of local opportunities is resulting in large-scale forced migration, which is fragmenting the social bond of villages. We will create employment opportunities at a local level to preserve the rural heritage.

- **The Constitution of India, through Article 21A, guarantees the right to education for children until the age of 14**. We will ensure that this constitutional duty is implemented widely by extending the application of this right to all children till the 10$^{th}$ standard. A course on the English language will be made compulsory as well.

  We will introduce initiatives to promote vocational and skill training, during school education, to ensure that fifteen (15) year old children transform into self-sustaining citizens.

  Such skill-training schools will promote indigenous working patterns. We aim to

establish local R&D centres in rural regions to develop the localised working methodologies and share information on the usage of modern technology in traditional work forms. We will develop a tools library to ensure that all rural, working citizens can raise their productivity and have an equal opportunity to gain better skill-sets.

- We will bring skill-training workshops to the doorsteps of villages at affordable rates for the citizens to acquire the requisite knowledge introduced by modernisation.

- **As perArticles 39(e) and 39(f) of the Constitution of India, children are guaranteed a safe environment to preserve their potential and protect their childhood**.

  We will ensure that childcare centres, including creches, which cater to the needs of infants till the age of 6 are developed and which function according to the workinghours of working mothers. This will aid working mothers to continue pursuing their source of livelihood and avail adequate income for the upkeep of their families.

- **Article 47 of the Constitution of India directs States to prohibit the consumption of intoxicating drinks**. In accordance with this Directive, we will ensure that there is strict implementation of this prohibition, thereby improving the standard of living and longevity of workers' lives.

- The informal sector constitutes 93.7% of the labour workforce in our country. **The Constitution of India through Article 39 seeks to ensure the elimination of the disparity of different vocations**. Such discrimination is felt by the unrecognised workers within the informal economy.

  We will formulate regulations to ensure that domestic workers are recognised and protected as per the ILO Convention 189. We will strive to enact a legislative framework to cover unregulated sectors such as fisheries and more importantly, secure the rights of working women and children. We envisage such legislative protection to extend to immigrating labourers to safeguard their fundamental human rights. In this process, we will develop local centres to register eligible workers, provide identification cards and facilitate access to various welfare schemes and programmes which are introduced for the labour sector.

- With the multiplicity of welfare schemes, nodal agencies and boards have been constituted to cater to the needs of the labour sector. The Building and OtherConstruction Workers' Welfare Board was constituted to provide social protection. In this process, the Board has collected over Rs. 40,000 crores which, which we seek to disburse soon. We will ensure that we identify the eligible applicants and disburse the amounts in accordance with the pending requirements and streamline the process of registration, renewal and access in a manner which benefits all construction workers.

- **It will be our endeavour to ensure that the conditions of work are conducive to a decent standard of living, as envisaged by Article 43 of the Constitution of India**.

  With the advent of technology, we will promote inclusivity in the development of modern tools by promoting traditional mechanisms and simultaneously undertake

training programmes to offer better working opportunities. We will endeavour to develop research and development centres at a local level. The scope of this Article will be extended to the workers carrying out activities from within their homes, without any employment benefits. In such work, there are no verifiable employment links but are either piece-meal or contractual. In this regard, we will frame statutory guidelines in line with the ILO Convention 177. This will safeguard the rights of women and children who form the largest workforce in this labour sector.

- **We will ensure that the material resources of communities subserve the common good as contemplated by Article 39 of the Constitution of India**. In the progress towards digitalising our economy and adopting modern technology, we will ensure that the workers are part of the process by providing access to their data and imparting the necessary skills for them to sustain a decent standard of living. Especially in the service of waste management, we will ensure that traditional waste-recyclers are afforded an opportunity to perform their activities, while being provided with a dignified environment to work.

  Despite the advent of privatisation in the process of waste-collection, we will ensure that such processes are in consonance with the needs of traditional waste-recyclers and in this regard, we will preserve the sources of livelihood for the traditional waste-recyclers.

  Thank you.

Manali Shah,
National Secretary, SEWA

Jyoti Macwan,
SEWA General Secretary, SEWA

Sonia George,
Member, National Council, SEWA

❑

# મારી દીકરીઓ મારું અભિમાન

કમુબેન અમરશીભાઈ ધામેચા ધ્રાંગધ્રા તાલુકાના વાવડી ગામના મીઠા કામદાર અને ખેત કામદાર છે. 'સેવા' સંગઠનમાં ૧૯ વર્ષથી જોડાયેલા છે. કમુબેન ૫૯ વર્ષના છે. કમુબેન પોતે અભણ છે. એમના પતિ અમરશીભાઈ ૪ ધોરણ ભણેલા છે. અમરશીભાઈ ને રેલ્વેમાં અને પોસ્ટમાં બેય જગ્યાએ ઈન્ટરવ્યું પાસ થઇ ગયેલા પણ અમરશીભાઈના દાદાએ નોકરી કરવાની ના પાડી હતી. ૪૭ વર્ષ સુધી અમરશીભાઈ રણમાં મીઠાકામ કરતાં અને કમુબેન વાવડી ગામમાં ખેતીની મજુરી કરતાં. કમુબેનને ૯ દીકરીઓ છે. કમુબેન અને અમરશીભાઈએ નક્કી કર્યું કે, મીઠાકામ ની જે આવક આવે તેમાં દીકરીઓ ભણાવવી. કમુબેન ખેતમજુરી કરીને જે કાઈ આવક આવે તેમાં ઘર ચલાવવાનું પણ, દીકરીઓ ને તો ભણાવવી જ છે. આ વિચારે બન્ને પતિ-પત્નિ રાત દિવસ મેહનત કરી દીકરીઓને ભણાવવાનું શરૂ કર્યું. ચાર દીકરીઓ જયારે ભણતી ત્યારે ગામમાં ૭ ધોરણ સુધી જ નિશાળ હતી અને બીજી નાની બહેનોને સાચવવામાં વધુ ના ભણાવી.

મોટી દીકરી વિજુ ૪ ધોરણ ભણીને પરણાવી અત્યારે સાસરે ખેતીકામ કરે છે. બીજી દીકરી રંજન ૪ ધોરણ ભણીને પરાણીને સાસરે ખેતીકામ કરે છે. ત્રીજી દીકરી હંસા ૧૨ ધોરણ ભણી પરણીને સાસરે છે. મયા ૧૦ ધોરણ ભણીને પરણીને સાસરે છે. વનીતા ૧૨ ધોરણ ભણીને આશા વર્કરમાં વાવડી, ઇસન્દ્રા અને હરીપરા ગામમાં ફેસીલેટર તરીકે કામ કરે છે.

ભાનુ હોમ સાયન્સ માસ્ટર કરીને પાટડીમાં આંગણવાડી સુપરવાઇઝર છે. જાગૃતિ ૧૨ પાસ કરી નર્સિંગનો કોર્ષ કરીને ભરાડા ગામમાં સરકારી નર્સ તરીકે ફરજ બજાવે છે. એવી જ રીતે છાયા પણ ૧૨ પાસ કરી નર્સિંગનો કોર્ષ કરીને થડા, સુલતાનપુર ગામમાં સરકારી નર્સ તરીકે ફરજ બજાવે છે. અને સૌથી નાની દીકરી વિજયાલક્ષ્મી હાલમાં કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

કમુબેન કહે, મારી એક એક દીકરી ૧૦૦ દીકરાની સમાન છે મને મારી દીકરીઓ પર બહુ ગર્વ થાય છે અમારે જમીનમાં અત્યારે ભાઈ ભાગ પડ્યા ૧૦ વીઘા જમીન ભાગમાં આવી હવે અમરશીભાઈ ૮ વર્ષથી રણમાં મીઠું પકવવા નથી જતા, ખેતી કરે રોજ સવારે ૬ વાગ્યે બધા ઉઠીને ઘર કામ કરીને દીકરીઓ ટીફીન લઈલે તૈયાર થઇ જાય અમરશીભાઈ રોજ સવારે ૮ વાગ્યે બાઈકમાં જાગૃતિ, છાયા ,વનિતાને લઈને હરીપર, ભરાડા ,થડા અને સુલતાનપુર એક જ રૂટમાં દીકરીઓને મુકવા જાય અને સાંજે ૫ વાગ્યે લેવા જાય ,અમરશીભાઈ કહે ચારેય દીકરીઓની ૮૦૦૦૦/- રૂ. માસિક આવક આવે છે. સાંજે બધા જોડે બેસી જમે અને આનંદ કરતા હોય છે ,મારી દીકરીઓ કહે બાપુ અમે બે ત્રણ

વર્ષ પછી જ લગ્ન કરીશું તમે જે ભણાવવા માટે દેણા કરીને ખર્ચો કર્યો છે તે દેણા ભરી દેશું , સાસરે જઈ પણ અમે અમારા પગારમાંથી દર મહીને તમારા ખાતામાં ૫૦૦૦/- રૂ. સીધા જમા થઇ જાય એવું કરી દીધું છે.

‘‘કમુબેન અમરશીભાઈ કહે, જેના ઘેર દીકરા છે તે બધા અલગ અલગ રેહતાં હોય છે, મા-બાપ ને રોટલાના ભાવ કોઈ પૂછતું નથી. જયારે મારા ઘરમાં આનંદ છે. મારી દીકરીઓ અમને કહે છે કે, તમારી બધી ઈચ્છા અમે પુરી કરીશું. મારે રેહવા ઘર નો હતું, હવે અત્યારે મેં બે ઘર બનાવ્યા છે. મારી છાયા કહે બાપુ હજુ આવતાં વર્ષે હું તમને ગાડીમાં બેસાડીસ, આવી છે મારી દીકરીઓ. ઠાકોર સમાજમાં અમે પેલા છીએ જેણે પોતાની દીકરીઓને ભણાવીને પગભર કરી છે.’’ ને એટલે જ કહું છું કે, ‘‘મારી દીકરીઓ મારું અભિમાન છે.’’

- હિના દવે

❑

# મંદી મંદી મંદી, ક્યારે આવશે તેજી ?

હું જોહરાબહેન અને સુભદ્રાબહેન ગયા બાપુનગર શાંતિપથ કેન્દ્રની મુલાકાતે. ત્યાં જોઉં તો એક બેન ડ્રેસનું કટિંગ કરતી ને બીજી બહેન મશીન પર બ્લાઉઝ સિલાઇ કરતી, અને બેઠેલી છોકરીઓ સાથે મળીને ડાયોગ્રામ બનાવતી હતી. બધી એકબીજા સાથે વાતો કરતી ને પોતાના કામેય કરતી. ત્યાં ભારતીબહેન કટિંગ કરતાં બોલ્યા, આવો બહેનો બેસો. અમે બધા બેઠા અને એકબીજાએ ખબર-અંતર પૂછયાં. જોહરાબહેને કહયું શું ચાલે છે હમણાં ? ત્યાં અનુબહેન કહે, અમારે તો મંદી ચાલે છે. આ દિવાળી ગઇ પણ હજુ સ્ટોનનું કામ જોઇએ એટલું નથી મળતું. જ્યાં પૂછીએ ત્યાં એ જ જવાબ હમણાં મંદી છે માલ નથી, આવશે એટલે આપશું. તો ક્યારે આવશે તેજી ?

અમારા બાપુનગર વિસ્તારમાં ગલીઓ, ચાલીઓમાં બધા છેલ્લા ૩૫ વર્ષથી અગરબત્તી બનાવતા હતા. પણ તેમાં હવે મશીનો આવી ગયા એટલે એ કામ અમારા હાથમાંથી જતુ રહયું. ને બધા લોકો છુટા છવાયા બીજા કામોમાં જોડઅઇ ગયા. કોઇ સિલાઇ, તો કોઇ ધાગા કટિંગ તો કોઇ દુપટ્ટાના છેડા બાંધવામાં તો કોઈ સ્ટોન લગાડવાના કામમાં. ને વળી, હમણાં તો આ સ્ટોનના કામમાં મંદી ચાલે છે.

કેન્દ્રથી આગળ ચાલ્યા ગાયત્રી મંદિર પાસે અગરબત્તી કામદાર જયશ્રીબહેનને મળવા. સુભદ્રાબહેને અવાજ કર્યો કોઇ છે ઘરમાં ? તો ઉધું ઘાલીને ડ્રેસના ઢગલામાં બેઠેલા જયશ્રીબહેને ઉંચુ કરીને જોયુ કહે આવો બેનો આવો... મીઠો આવકારો આપી બેસાડયા.

શારદાબહેને ખબર-અંતર પૂછયા, તો કહે, મારા દુઃખની તો શું વાત કરું ? છેલ્લા ૩ વર્ષથી તો ઘરની દશા દેવાઇ ગઇ છે બોલો, દવાખાનું જ મટતું નથી ! મારો મોટો દિકરો છે તેને આંતરડામાં પરુ થઇ ગયું હતું, એટલે આંતરડાનું ઓપરેશન કરાવ્યું, છતાં એ ઝેર એના પગમાં ઉતર્યુ ને એનો પગ કપાવવો પડયો. આવામાં એક પગ ઘરેને બીજો દવાખાનામાં. શહેરની ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું. થોડી ઘણી બચત હતી એ અને બીજા માથે દેવું કરીને ને રૂ. ૧૨ લાખની દવા કરાવીને દીકરાને એના પગ પર ઉભો કર્યો છે.

હમણાં થોડાક મહિનાથી આ સ્ટોનનું કામ ચાલુ કર્યુ છે. એ પણ જોઇએ એવું મળતું નથી. આખા દિવસનું માંડ ૩૦-૪૦ રૂપિયાનું થાય છે. જ્યારે અગરબત્તીમાં તો રોજની ૧૦ હજાર જેટલી બત્તી બનાવી લેતી, તે સાંજ પડયે ૧૫૦ રૂ.નું કામ થઇ જતું. અગરબત્તીમાં તેલવાળી, પાણીવાળી, મધવાળી અને મસાલા વાળી બત્તી બનાવવા લાવતી હતી આમ ૨૦ વર્ષ મેં અગરબત્તીનું કામ કર્યુ. આ બત્તીની કમાણીમાંથી મેં મારા બન્ને દીકરાઓને M.Com સુધી ભણાવ્યાને સારી નોકરી કરતાં થયા.

છેલ્લા ૮ વર્ષથી અગરબત્તીના કામમાં જે કામ માણસો કરતાં હતાં એની જગ્યાએ મશીનો આવી ગયા. આ મશીનો વિયેતનામ દેશથી આવેલા. ૧૦ લોકો કામ કરતાં હતાં તે હવે એક મશીન કરી લે છે તે પણ પ્રોડકશન વધારે અને ક્વૉલીટી વાળું.

અગરબત્તી એક એવી વસ્તુ છે કે, ગમે તેવુ ઘર હોય પણ એમા લોકો બે અગરબત્તી તો સવાર-સાંજ સળગાવતા જ હોય. ને આ કામ બહેનો ઘરમાં બેસીને વર્ષોથી કરતી હતી. આ પરંપરાગત કામ વધુમાં વધુ અમદાવાદ શહેરમાં ચાલે છે, શહેરની મોટા ભાગની મીલો બંધ થઇ ત્યારે આ કામમાં વેગ વધ્યો. ને વિસ્તારોમાં આ કામ વધુ ચાલવા લાગ્યુ. પહેલા અગરબત્તી કામમાં લાખોની સંખ્યામાં કામદારો હતાં જે હવે હજારના આંકડામાં આવી ગઇ છે ને આમ જોવા જોઇએ આ ધંધો સાવ અદશ્ય થઇ ગયો છે. આ ધંધો એક એવો છે કે, કોઇ પણ વ્યક્તિ શીખી જાય છે. દિવસના ૧૦-૧૫ હજાર બત્તી બહેનો રમતા કરી લેતી. ૧૦૦થી ૧૫૦ રૂપિયાનું કામ કરી લેતી હતી. નાના થી માંડીને મોટા ૮૦ વર્ષના લોકો પણ આ કામ કરી લેતા. જ્યારે મીલો બંધ પડી ને આ ધંધામાં લોકો જોડાયા ને તેમા પણ કોન્ટ્રાક્ટર બનીને આ કામ કરવા લાગ્યા. આખા ગુજરાત અને ભારતભરમાં બત્તી જતે તે અહીંથી જતી. બહારથી આવનાર વેપારીઓ ૧૫-૨૦ દિવસ પહેલા માલ નોંધાવી દેતા કે કેટલા કાર્ટુન લેવા છે. ઘણી વાર માલ ખુટે તો વળી બે-પાંચ દિવસ રાહ જોઇને બત્તીના કાર્ટુન તૈયાર થાય એટલે માલ સપ્લાય માટે સ્ટ્રાન્સપોર્ટમાં જાય.

મશીનો આવ્યા તો પણ હું થોડી-ઘણી તેલવાળી અને મસાલાવાળી બત્તી બનાવતી હતી, પણ હમણાં બે વર્ષથી બિલકુલ બંધ થઇ ગયું. હવે સ્ટોન લગાવવાનું કામ કરું છું. એમા ઘણી તકલીફ પડે છે. અગરબત્તીના કામમાં ૧૫૦થી ૨૦૦ રૂ. આરામથી કમાઇ લેતી પણ આ સ્ટોનના કામમાં માંડ ૫૦-૬૦ રૂ.નું કામ થાય છે. એમા પણ આંખો અને કમરનો દુ:ખાવો થાય છે. હવે તો આંખે મોતીયો આવવા લાગ્યો છે. બીજુ કોઇ કામ નથી મળતું શું કરવું ?

આ કામમાં બહેનોને મહેનત પ્રમાણે રોજી મળતી નથી તે વાત તો સાચી જ છે તેથી જ સ્ટોન લગાડવાના કામની સાથે શ્રમજીવી બહેનોની નજર સતત ફરતી રહેતી હોય છે કે, કયા કામમાં વધારે પૈસા મળે છે.

આ અદૃશ્ય હાથો એ જ આશામાં ઝડપથી, મહેનતથી અને ખંતથી કામ કરતા હોય છે, પણ કામ ઓછુ થઇ ગયું છે.

**- ગોમતી**

❑

# કાંતાબેનનું રંગીન જીવન

મારું નામ કાંતાબેન હરીભાઇ પરમાર છે. મારી ઉંમર ૫૯ વર્ષ છે. હું ૭૬, મજુર ગામ સોસાયટી, ગીતા મંદિર રોડ, અમદાવાદમાં રહું છું. હાલમાં હું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન - રોડ ખાતામાં કામ કરું છું. આ વિભાગમાં મારું કામ મેનોર સીટ કવરનું છે. મેનોર સીટ કવર એટલે અમદાવાદ શહેરના મુખ્ય માર્ગો પર આવેલ ગટરલાઇનના ઢાંકણા બદલવા. જાહેર માર્ગો પર આવેલ ગટરના તુટી ગયેલ, માર્ગથી નીચે ઉતરી ગયેલ ઢાંકણા બદલવા. હાલમાં રૂ.૭૦૦/- ફંડ અને રૂ. ૧૦૦/- વિમો કપાયા પછી દર મહિને મને રૂ. ૧૭,૦૦૦/- મહેનતાણું મળે છે. આ કામમાં હું છેલ્લા ૧૧ વર્ષથી કાયમી કામદાર અને આગળના ૯ વર્ષ રોજમદાર કામદાર તરીકે કામ કરું છું. મને દર રવિવારે અને જાહેર તહેવારોની રજાઓ મળે છે.

મારા કુટંબમાં અત્યારે કુલ ૧૦ વ્યકિતનો પરીવાર છે. મારા પરીવારમાં હું, મારા પતિ, બે પુત્રો, બે પુત્રવધુ, એક પુત્રી, બે પૌત્ર અને એક પૌત્રી છે. મારા બે પૌત્ર અને એક પૌત્રી પ્રાઇવેટ સ્કુલમાં ભણે છે. એક પૌત્ર ઇંગ્લીશ મીડીયમ અને બે પૌત્ર ગુજરાતી મીડીયમમાં ભણે છે. ત્રણેયની સ્કુલ ફી અને ટયુશન ફીનો માસિક ખર્ચ રૂ.૩,૦૦૦/- જેટલો થાય છે.

મારા પતિ હરિભાઇ બંધ મિલ કામદાર છે. તેઓ સહયોગ મિલ, રાયપુર દરવાજા બહારમાં કામ કરતા હતા. છેલ્લા ૧૮ વર્ષથી આ મિલ બંધ થતા તેઓ બેકાર છે. મિલ બંધ પડી ત્યારે તેમને સર્વિસ/ફંડ/ગ્રેજયુએટીના ૨.૪૫ લાખ મળ્યા હતા.

હું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જોડાઇ, તે પહેલાં રંગાટીનું કામ કરતી હતી. મેં ૧૭ વર્ષ સુધી રંગાટી કામ કર્યુ હતુ. આ કામ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલું છે. મિલોમાં તૈયાર થયેલ કાપડ કલર કામ માટે રંગાટી કામની ફેકટરીમાં આવે છે. મેં ન્યુ કાશીરામ એસ્ટેટ, મહાલક્ષ્મી એસ્ટેટ અને મેકક્ષોલ કોટનમાં રંગાટી કામ કર્યુ હતુ. આ ત્રણેય ફેકટરીઓ પ્રાઇવેટ હતી અને તેમાં મહેનતાણાં સિવાય અન્ય કોઇ લાભ મળતા નહિ.

રંગાટી કામ એટલે કાપડને કલર કરવાનુ કામ. મિલોમાંથી તૈયાર થઇને આવેલ કાપડના તાકા પર રંગાટી/કલર કામ કરવામાં આવે છે. ૪૫ મીટરનો એક કાપડનો તાકો હોય તેના પર કલરકામ કરવામાં આવે છે. આ કામમાં મને મીટર પર મહેનતાણું મળતુ હતુ. આ કામમાં મને રોજ રૂ. ૩/- મળતા ત્યાર થી રૂ. ૫૦/- રોજ થયો ત્યાં સુધી કામ કર્યુ. સવારે ૯.૦૦ વાગ્યે થી કામ પર જતા તો સાંજે ૭.૦૦ વાગ્યે પરત આવતા. ૧ કલાક જમવાની રિસેસ પડતી અને ૧ કલાક આવવા-જવામાં થઇ જતો.

રંગાટી કામમાં ગજનો પતરો ચાલે એટલે કે એક ટેબલ પર ૪૫ મીટરનો તાકો તેમાં ત્રણ કલર થાય. બે વ્યકિત બંને સાઇડ પર અને એક વ્યકિત વચ્ચે ઉભા રહીને કલર કામ કરે. આ કલર પાકા હોય એટલે ખૂબ સાચવવું પડે તેમાં કોઇ ખામી ના રહી જાય. રંગાટી કામ કરતી વખતે કાપડમાં કચરો ના પડે તે માટે નજર ત્યાં જ રાખવી પડે. જો કચરો આવી જાય તો પોઇન્ટ કપાય એટલે કે ત્યાં કલર ના થાય. બીજું કે કલર કરતી વખતે કાપડ આડું ના જાય તે ધ્યાન રાખવુ પડે. જો આવુ થાય તો આઉટ માર્યો/ખાલી કલર વગર જાય. આ બંને પરિસ્થિતીમાં માલિક મજુરોને ધમકાવતા હતા.

કલરકામ થઇ ગયા પછી પંખાની મદદથી કાપડને સુકવવામાં આવે. ફેકટરીમાં ૮૦ પંખા ફરતા હતા અને એક પંખા નિચે ચાર તાકા સુકાતા હતા. કાપડ સુકાઇ ગયા પછી તેના પર ડીઝાઇન, પટ્ટા/ફૂલ વગેરે છાપવામાં આવે. આ કામમાં પણ ખૂબ જ ધ્યાન રાખવુ પડે અને જુદા-જુદા કલરનો ઉપયોગ કરવો પડતો. ડીઝાઇન/કલર બદલાય એટલે ટેબલો ફરીથી ધોવા પડે. દિવસમાં બે-ત્રણ વાર ટેબલો ધોવા પડે. કેસરી, આસમાની, પીળો અને લીલો કલરમાં ટેબલો એકદમ સાફ ધોવા પડે કેમ કે આ કલરો બહું ઘાટા હોય છે.

ડીઝાઇન થઇ ગયા પછી કાપડને ફોલ્ડીગ કરવામાં આવે છે. ૬ અને ૧૨ એમ બે પ્રકારના ટેબલો હોય છે અને તેમાં પણ ટેબલ પર મહેનતાણું મળતુ હતુ. એક ટેબલ પર ડબલ ભરાય તો રૂ.૧૫/-, અઢી ભરાય તો રૂ.૨૦/- મળતા હતા. રોજના ત્રણ ચાર ટેબલ કામ કરતા એટલે રૂ.૫૦/- જેટલુ કામ થઇ જતુ.

રંગાટીના કામમાં સૌથી વધુ મુશ્કેલીઓ કલરની થતી. કલર

હાથે-પગે ચોંટી જાય અને તેના કારણે ચામડીના રોગો થતા. કલરમાં એસીડ, બ્લીચીંગ, ટર્પેન્ટાઇન ભેળવેલ હોવાથી ચામડી શેકાતી અને લ્હાય પણ બળે. આ બધાં કેમીકલને કારણે ભૂખ ના લાગે અને ચ્હા વધારે ભાવે તેથી ચ્હાની આદત પડી ગઇ હતી તે શરીર માટે નુકશાનકારક છે. આ કામમાં વ્યસની લોકોને ટી.બી/ક્ષય/દમ જેવા રોગો જલ્દી લાગુ પડતા હતા.

હું 'સેવા' સાથે ૧૯૮૬ થી જોડાયેલી છું. સૌથી પહેલાં હું લવાજમ આપીને સભ્ય બની. સભ્ય બન્યા પછી સેવાની મિટીંગો/તાલીમોમાં જતી. આમ મને સેવા સાથે લગાવ થવા લાગ્યો અને સેવાની પુરેપુરી જાણકારી મળી. સેવા શ્રમજીવી બહેનોનું સંગઠન કરે છે અને તેમના ધંધા રોજગારને લગતા પ્રશ્નોનું નિરાકરણ પણ લાવે છે. આમ સેવામાં આગળ વધતા હું પ્રતિનિધી બની. મેં સેવાબેંકમાં મારું બચત ખાતુ ખોલાવ્યુ, વિમોસેવામાં વિમો ઉતરાવ્યો અને ૧૯૯૬માં સેવાની કારોબારીમાં સભ્ય બની ગઇ. એકવાર સેવા તરફથી દિલ્હી ગઇ ત્યાં 'ભારતીય શ્રમ પરિષદ'માં 'સેવા'ને આમંત્રણ કેમ નહિ ? તેની લડત ઉપાડવા. દિલ્હી 'ભારતીય શ્રમ પરિષદ'માંથી જવાબ મળ્યો કે, ૫ લાખ કે તેથી વધુ સભ્ય સંખ્યા થાય ત્યારે જ 'ભારતીય શ્રમ પરિષદ'માં બેસવાની પરવાનગી મળે. તે વખતે 'સેવા'ની સભ્ય સંખ્યા ૩૦-૪૦ હજાર હતી. આ લડતમાં અમદાવાદના ૨૫ બહેનો અને ઇન્દોરના ૧૫ એમ કુલ ૪૦ બહેનો હતા. અમારા બધાંની ત્યાં ધરપકડ કરવામાં આવી અને ૨ કલાક સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.

આ સિવાય સેવા તરફથી બે એકસપોઝર વિઝીટ કરી હતી. એકવાર અંબાજી, ડાકોર, ગલતેશ્વર અને બીજીવાર નાસિક, ત્રંબક અને શીરડી ગયા હતા. બીજીવારની એકસપોઝર માટે સભ્ય દીઠ રૂ.૧૦૦/- ભર્યા હતા. આ વિઝીટમાં કાગળકામ, રંગાટીકામ, માથોડાકામ અને કડીયાકામ કરતી બહેનો જોડાઇ હતી.

હાલમાં મારી દીકરી અરૂણા હરીભાઇ પરમાર 'સેવા' અકાદમીમાં વિડીયો 'સેવા' મંડળીમાં છે.

**- 'સેવા' અકાદમી**

❑

# આંતરરાષ્ટ્રીય સ્ત્રી દિવસની ઉજવણી

તા, ૮ માર્ચ, ૨૦૧૯ ''આંતરરાષ્ટ્રીય વિમેન્સ ડે''ના રોજ 'સેવા' બેન્કના મેનેજીંગ ડિરેક્ટર કોન્ફરન્સ હોલમાં જયશ્રીબેન, વંદનબેન તેમજ દરેક બ્રાન્ચ મેનેજર્સ, નાણાંકીય સાક્ષરતાના મેનેજરની એક મિટિંગ રાખવામાં આવેલ, તે દરમ્યાન બહેનોએ સાથે મળીને 'સેવા' બેંક માટે એક સુંદર ગીત રચેલ, જે નીચે મુજબ છે.

**હમ કરકે દિખાયેંગે...**

આસમાં કો એક દિન છૂ કે આયેંગે,
જો કોઈ ના કર સકા, વો કર દિખાયેંગે ...

નયી નયી બહેનો કો, બેંક મેં લાયેંગે
ડિપોઝિટ કરવા કે, માલિક બનાયેંગે...

આસમાં કો એક દિન છૂ કે આયેંગે,
જો કોઈ ના કર સકા, વો કર દિખાયેંગે...

લોન દે કે , બિઝનેસ વુમન બનાયેંગે
લોન સમય પે ભરવા કે, મુનાફા બઢાયેંગે...

આસમાં કો એક દિન છૂ કે આયેંગે,
જો કોઈ ના કર સકા, વો કર દિખાયેંગે ...

તાલીમ દે કે, જાગૃત નારી બનાયેંગે
નિવેશ કરવા કે, ઇન્વેસ્ટર બનાયેંગે..

આસમાં કો એક દિન છૂ કે આયેંગે,
જો કોઈ ના કર સકા, વો કર દિખાયેંગે ...

પેંશન મેં જોડ કે, બુઢાપા સવારેંગે
વીમા કે સાથ, સુરક્ષિત બનાયેંગે...

આસમાં કો એક દિન છૂ કે આયેંગે,
જો કોઈ ના કર સકા, વો કર દિખાયેંગે ...

ટેક્નોલોજી કે સાથ, ઘર ઘર પહોંચેંગે
સેવા બેંક કો, આસમાન પે, લે કે જાયેંગે...

આસમાં કો એક દિન છૂ કે આયેંગે,
જો કોઈ ના કર સકા, વો કર દિખાયેંગે ...

❑

# સાક્ષરતા બહેનોએ ઉજવ્યો મહિલાદિન

સેવા અકાદમીના સાક્ષરતા વિભાગ દ્વારા મહિલાદિન નિમિતે ૯મી માર્ચે સંચાલિકાબહેનો, વર્ગમાં ભણતાં બહેનો અને સંચાલક બહેનો સાથે મળી મહિલાદિનની ઉજવણી કરી. સાક્ષરતાના વર્ગો બહેનોના વિકાસ માટે જ છે, હવે તો આપણી બીજી-ત્રીજી પેઢીને પણ જોડવા જોઇએ તો જ આજના દિવસની સાર્થકતા થઇ કહેવાશે. આ ઉજવણીમાં આશરે ૧૫૦ જેટલા બહેનો જોડાયા.

'સેવા' અકાદમીના સાક્ષરતા વિભાગના સંચાલક મીનાબહેને આંતરરાષ્ટ્રીય મહિલાદિનની શુભેચ્છા પાઠવતા કહયું કે, 'સેવા' અકાદમી શિક્ષણની સાથે-સાથે પ્રસંગોપાત બહેનોના આંતરવિકાસ અને તેમની લાગણીઓને વાચા આપવા માટે આ

પ્રકારનું મંચ પૂરું પાડે છે, ત્યારે આઠમી માર્ચ-મહિલાદિનને તો કેવી રીતે ભૂલી શકાય ! આમ તો દરેક દિવસ બહેનોનો જ હોય છે. સતત કામ કરતી, સંઘર્ષો સામે લડતી, ઘર-પરિવારને જોડી રાખતી, વિપરીત પરિસ્થિતિમાં પણ સદાય હસતી આ બહેનો સાચા અર્થમાં ઘર-સમાજને જોડતી મહત્વની કડી છે.

લેખંબા ગામના ખેતી કામ કરતાં આગેવાન એવા જોમીબહેન મિટીંગમાં ફટાકથી ઉભા થઇને બોલવા માંડયા કે, ગામની બહેનોને સાક્ષરતા દ્વારા સાક્ષર કરું છું. બહેનોને સરકારી યોજનાથી માહિતગાર કરું છું. જન્મના દાખલા, મરણના દાખલા, વૃધ્ધ પેન્શન, કોઇ બેનની જમીન ગીરવે મુકેલી હોય તો તેને છોડાવીને બહેનના નામે કરાવવાનું કામ કરું છું.

નરોડા વિસ્તારના સિલાઇ કામદાર લક્ષ્મીબહેને ગૌરવભેર પોતાની વાત મૂકી કે, છેલ્લા ૪ વર્ષથી સાક્ષરતાના ક્લાસ અને સિવણ વર્ગ ચલાવું છું. અમારા વિસ્તારની ૧૦૦ બહેનોને સાક્ષર કરી આગેવાની લીધી છે. બહેનો સિવણ શીખીને મહિને પાંચથી સાત હજાર કમાતી થઇ છે.

ગયા વર્ષે અમારા અંબિકાનગર વિસ્તારમાં રેલ્વે સ્ટેશનનું મોટું જંકશન બને છે જેના લીધે આમારા ૩૦૦ જેટલા ઘર તોડી પાડવાનો સરકારનો ઓર્ડર આવેલો. બધાને નોટીસ આપી દીધી કે ૧૦ દિવસમાં ઘર ખાલી કરી દો. બધા બહેનો સાથે મળીને આ બાબતે ઘણી ચર્ચા કરી. બધા બહેનો-ભાઇઓ સાથે મળીને ગયા નરોડા રાજીવ ગાંધી ભવનમાં ત્યાં અમે કહયું કે, પહેલાં અમને ઘર આપો જ્યાં રોજી-રોટી મળી રહે પછી અમારા ઘર ખાલી કરાવો. ત્યાં ગયા ને તરત સ્ટે મુકાવ્યો. હાલ થોડી હળવાશથી અમારા ઘરમાં રહીએ છીએ. એટલે કહેવાનું એટલું જ કે, સંગઠિત થઇને બહેનો સઘળાં કામ પાર પાડી શકે છે.

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના કુંડળ ગામના ખેતમજુર હંસાબહેન કહે, મારા ગામમાં રાશનકાર્ડની ૧૦ વર્ષથી ચાલતી હતી, તેને બંધ કરી બીજે ગામ રેથલ લઇ ગયા હતાં. બહનો એક ગામથી બીજે ગામ રાશન લેવા જતાં ઘણાં હેરાન પરેશન થતાં હતાં. મેં સાક્ષરતાના વર્ગમાં ભણાવેલા બહેનોને ભેગા કર્યા અને વાત કરી ગ્રામ પંચાયતમાં જઇને બધા બહેનોની સહી કરાવીને રાશનની દુકાન ગામમાં પાછી લાવવા અરજી આપી. અને થોડા વખતમાં ગામમાં રાશનની દુકાન પાછી આવી ગઇ. જો બહેનો જાગૃત બને તો દરેક કામ થઇ શકે છે.

મહિલાદિનની ઉજવણીમાં આવેલા અમદાવાદના જિલ્લાના બાવળા તાલુકાના હર્ષનનગરના ધનીબહેન જેઓ અપંગ છે અને સાક્ષરતાના વર્ગ ચલાવે છે. તેઓ કહે, અમારા ગામમાં પાણીની નિરાંત છે પણ, પાણી અને કચરાની ગંદકીનો કોઇ નિકાલ નહોતો થતો. ગંદકીને લીધે ગામમાં ઘણી વાર મોટા મોટા ઝગડા થતા. એટલે મેં ભણતા બધા બહેનોને ભેગા કરી અરજી લખી સહી કરાવીને ગામ પંચાયતમાં મામલતદાર અને બાવળા નગરપાલિકામાં જઇને અરજી વારંવાર આપી. ત્યારે જતા હવે અમારા ગામમાં કચરા નિકાલ માટે કામ શરું થયું. તેથી ગામના બધા લોકો કહે હવે તો આપણા ગામના સરપંચ તરીકે ધનીબહેનને જ ઉભા રાખવા છે.

‘સેવા’ અકાદમીના ડાયરેક્ટર નમ્રતાબહેને આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિતે બધાને શુભેચ્છા પાઠવતા કહે, અમે ગઇ કાલે ‘સેવા’માં બધા ભેગા થયા હતા. જેમ અહીં આપણે ઉજવણી કરવાના મુડમાં રંગબેરંગી કપડા પહેરીને આવ્યાં છીએ એવી રીતે બહેનો સરસ તૈયાર થઇને ત્યાં ય આવેલી, અને ત્યાં એક પ્રશ્ન પર ચર્ચા કરેલી. અને એ પશ્ન હવે હું તમને કરું છું. આપણે કોઇ પણ પર્વની ઉજવણી કેમ કરીએ છીએ ? પ્રશ્ન સાંભળીને ઓઢવ વિસ્તારના સાક્ષરતાના સંચાલિકા હર્ષિદાબહેન કહે, આપણી આગલી પેઢી દર પેઢીને યાદ રહે તે માટે આપણે ઉજવણી કરીએ છીએ. ભારતમાં આપણે સર્વધર્મમાં માનીએ છીએ. તેથી દરેક પર્વની ઉજવણી સાથે મળીને કરીએ છીએ.

આગળ બીજી વાત કરતા કહયું કે, આપણે હજુ પણ આપણી દીકરીઓને જાણે, એ હકથી દૂર રાખીએ છીએ. ઘણી બહેનો પોતાના દીકરાને વધુ ભણાવે અને દીકરીઓને ઓછું ભણાવે છે. તો એવું ન થાય તેનું આપણે ધ્યાન કરવું પડશે.

દીકરીઓને વધારે ભણાવવી જોઇએ અને દીકરા દીકરીનો ભેદ ટાળવો જોઇએ. બહેનોને સમાન હક્ક મળે. સ્ત્રી-પુરુષ બન્ને માનવ તરીકે આ દુનિયામાં આવ્યા હોય તો એમને સમાન હક્કો દરેકમાં મળવા જોઇએ. સલામતી અનુભવવી હોવી જોઇએ. આજે સંકલ્પ કરવો હોય તો, એક સંકલ્પ આવો કરવો જોઇએ કે, જો મારે દીકરો આવે કે દીકરી તેમાં હું સમાનતા રાખીશ. એમને બન્ને સરખા સંસ્કાર આપીશ. જેનાથી એક સલામત, આઝાદ દેશ થાય. આઝાદી ક્યારે મળે જ્યારે બધા સલામતી અનુભવે. ખાલી બુરખા કાઢીને કે માથે ના ઓઢવાથી આઝાદી નથી થઇ જતી. આઝાદી ક્યારે આપણને થાય જ્યારે આપણને મનમાં અંદરથી આપણને એમ થાય કે હું સલામત છું. અને એ ક્યારે થાય જ્યારે સમાનતા પરિવારથી શરૂ થાય. તો જ પુરા આઝાદ થયા કહેવાય નહી તો આઝાદીને ૭૦ શું ૧૭૦ વર્ષ પુરાં થઇ જશે તોય, આપણે આવા ને આવા જ અનુભવ કરીશું.

એટલે સૌથી મોટી વાત એ કે, કાલનું જે તારણ હતું એ તારણમાં તારણ એ જ હતું કે, એક મા તરીકે, એક બેન તરીકે,

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-3-2019

એક દીકરી તરીકે, એક પત્નિ તરીકે, હું એવી રીતે છોકરાઓ અને છોકરીઓનો ઉછેર કરું કે, જેનાથી દુનિયા, સમાજ, આપણુ ગામ અને આપણી ચાલી સલામતિ અને શાંતિ અનુભવે.

સાક્ષરતાના જુના સાથી એવા વંદનાબહેન સેવક કહે, દેશ હોય પરદેશ હોય ઉજવણીઓ આવે ત્યારે યાદ આવે. સાક્ષરતા થકી બહેનોને એટલુ જ કહેવું છે કે, આપણી વહુ, બેન-દીકરીઓને એવી તૈયાર કરો કે, તે એક ઘર, ચાલી, શહેર, ગામ અને દેશને ઉજવળ બનાવે છે. આ જે શરુઆત કરી છે તે સાક્ષરતાથી કરી છે એવું નથી 'સેવા'ના પહેલા વર્ષોમાંથી શરૂ થયેલું છે આપણુ આ કામ. બધા બહેનોને એજ કહેવાનું કે, સાક્ષર બની બહેનોમાં વધુ જાગૃકતા લાવો.

'સેવા'ના મંત્રી શાન્તાબહેને પણ આ પ્રસંગે બહેનોને અભિનંદન આપ્યાં. આજના દિવસે સૌ બહેનો ભેગા મળીને ગીતો ગાયા અને ઉજવણી કરી બસ આમ પ્રસંગોપાત આવો મંચ બહેનો-કિશોરીઓને મળે તો તેમનું આંતરિક કૌશલ્ય વધે છે અને બીજી દીકરીઓ પણ પ્રોત્સાહિત થાય.

- **ગોમતી**

❑

## કચરાયુગમાં

**હું શું કરીશ**

૧. ઊલ ઉતારતી વખતે નળ ચાલું રાખું છું તે નહિ રાખું પણ બંધ કરીશ.

૨. મારા ઘરનું સંડાસ હું જાતે ધોઇશ.

૩. લખવા માટે બિનજરૂરી કાગળ બગાડીશ નહિ.

૪. મોટર ચાલુ રાખીને કપડાં ધોઇશ નહિ.

૫. ક્યાંય પણ ખાલી નળ ચાલતો હોય તે જઇને તરત બંધ કરીશ.

૬. વાપરેલું પાણી ઢોળી ન દેતા મારા વાડાની જમીન કે કુંડામાં નાખીશ.

૭. નજીકની જગ્યાઓએ જવા માટે ચાલીને જઇશ, સ્કૂટી કે એકટીવાનો ઉપયોગ નહિ કરું.

૮. ખાવાનું રોજ વધે નહિ પણ, જરૂર જેટલું જ ધ્યાનથી રાંધીશ.

૯. ઘરમાં પંખા-લાઇટનો વપરાશ ઘટાડતી જઇશ. બધાં છોરાંને એક જ ઓરડામાં સાથે બેસી લેસન કરવાનું કહીશ.

૧૦. હું લીલો અને સૂકો કચરો હંમેશ અલગ રાખીશ.

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-3-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]